**અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓને ફ્રી શીપ કાર્ડ યોજના અંતર્ગત સ્ટાઈપેન્ડની રકમ બાદ કરી બાકી રહેતી ફી ની રકમ સ્કોલરશીપ તરીકે આપવા બાબત.**

**ગુજરાત સરકાર**

**આદિજાતિ વિકાસ વિભાગ**

ઠરાવ ક્રમાંક:શક્ષણ/૨૦૨૦૧૮/૬૭૨/ગ

સચિવાલય, ગાંધીનગર

**તા.૨૮/૦૫/૨૦૧૯**

**વંચાણે લીધા:**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૧/૦૯/૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: સફક/૨૦૨૦૦૮/ન.બા.૩૮/ગ.

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૬/૦૬/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: અજજ/૨૦૧૪/૫૧/ખ-૧.

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૦/૦૭/૨૦૧૮ નો ઠરાવ ક્ર.શક્ષણ/૨૦૨૦૧૮/૬૭૨/ગ.

(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૧૨/૦૪/૨૦૧૯ નો પત્ર ક્રમાંક: એમસીજી/૧૦૨૦૧૯/૩૯૪/જ.

(૫) માન.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના કાર્યાલયનો તા.૧૫/૦૪/૨૦૧૯નો પત્ર ક્રમાંક:માન.મંત્રીશ્રી /આ.વિ., વન, મ.બા.ક./૬૧૧૨/૨૦૧૯.

(૬) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૦૨/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંક:આવિ/શિક્ષણ/ફા.નં.૭૧૭/૨૦૧૮-૧૯/૩૫૫ થી ૩૫૮.

**પ્રસ્તાવના:**

ઉપર સંદર્ભ ક્રમાંક-(૨) અને (૩) આગળના ઠરાવોથી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને આવક મર્યાદાના બાધ વિના ફ્રી શીપ કાર્ડ આપવાનું ઠરાવવામાં આવેલ છે. હાલના પ્રવર્તમાન નિયમોનુસાર સ્કોલરશીપ મેળવવાની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓએ સ્કોલરશીપ અથવા સ્ટાઈપેન્ડ-એ બે પૈકી, તેને જે વધુ લાભદાયી (more beneficial) હોય તે વિકલ્પની પસંદગી કરવાની હોય છે અને સંબંધિત શૈક્ષણિક સંસ્થાના વડા મારફત આ વિકલ્પની જાણ સ્કોલરશીપ આપનાર ઓથોરીટીને કરવાની રહે છે.

સંદર્ભ ક્રમાંક (૫)માં દર્શાવેલ માન.મંત્રીશ્રી (આ.વિ.)ના કાર્યાલયના તા.૧૫/૦૪/૨૦૧૯ના પત્ર તેમજ સંદર્ભ ક્રમાંક (૪)ઉપરના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૨/૦૪/૨૦૧૯ના પત્રની વિગતો તેમજ કેટલાક અરજદારો તરફથી મળેલ રજૂઆતો અન્વયે સરકારશ્રીના ધ્યાને આવેલ છે કે કેટલીક કોલેજો /શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા શરતચૂક

Scanned by CamScanner

અથવા પૂરતી જાણકારીના અભાવે કે અન્ય કારણોસર ફરજિયાતપણે સ્ટાઈપેન્ડના વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે. એટલે કે, જે તે વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની સ્ટાઈપન્ડના વિકલ્પની પસંદગી ન હોવા છતાં ફરજિયાતપણે તેમના બેન્ક એકાઉન્ટમાં સ્ટાઈપેન્ડની રકમ જમા કરી દેવામાં આવે છે. આવા કિસ્સાઓમાં સ્ટાઈપેન્ડની રકમ, મળવાપાત્ર સ્કોલરશીપની રકમ કરતાં ઓછી હોવાથી અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને નાણાકીય નુકશાન થાય છે તેમજ કેટલાક કિસ્સાઓમાં કોલેજની ફી નું ધોરણ ઘણું ઉંચું હોવાના કારણે, નબળી આર્થિક પરિસ્થિતિ વાળા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અભ્યાસ છોડી દેવાના પ્રસંગો પણ બને છે. જેને કારણે અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના અભ્યાસ તેમજ ભવિષ્યની કારકિર્દી પર વિપરીત અસર થાય છે.

ઉકત હકીકતને ધ્યાને લઈને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે તેમના સંદર્ભ ક્રમાંક-(૪) આગળના તા.૧૨/૦૪/૨૦૧૯ના પત્રથી ફ્રી શીપ કાર્ડ યોજના અંતર્ગત આવા કેસોમાં સ્ટાઈપેન્ડની રકમ બાદ કરી ફી ની રકમ રીએમ્બર્સ કરીને વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના પ્રશ્નનો ઉકેલ લાવવા અંગે ઘટતી કાર્યવાહી કરવાની વિનંતી કરેલ.

આ સંજોગોમાં અનુ.જનજાતિના જે વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના કિસ્સામાં માન્યતા પ્રાપ્ત સરકારી/અર્ધસરકારી કે સેલ્ફ ફાઈનાન્સ કોલેજો દ્વારા સ્ટાઈપેન્ડ ફરજિયાત રીતે અથવા શરતચૂકથી કે અન્ય કારણોસર વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના બેંકના ખાતામાં સીધું જમા કરાવવામાં આવેલ હોય, તેમના કિસ્સામાં સ્ટાઈપેન્ડની તેટલી રકમ બાદ કરીને સ્કોલરશીપ આપવાની રહેશે, તેવી જોગવાઇ કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી કે જેથી અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ પોતાને જે વધુ ફાયદાકારક હોય તે વિકલ્પની પસંદગી કરી શકે.

**ઠરાવ:**

આથી આ અંગે પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના કિસ્સામાં સ્ટાઈપેન્ડનો વિકલ્પ તેમને સ્વીકાર્ય ન હોવા છતાં માન્યતા પ્રાપ્ત સરકારી/અર્ધસરકારી કે સેલ્ફ ફાઈનાન્સ કોલેજો કે કોઈ પણ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા, જાણકારીના અભાવે ફરજિયાત રીતે અથવા શરતચૂકથી કે અન્ય કારણોસર જો વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના બેંકના ખાતામાં સ્ટાઈપેન્ડની રકમ સીધી જમા કરાવે

Scanned by CamScanner

તો, તેવા કિસ્સાઓમાં સ્ટાઈપેન્ડની તેટલી રકમ બાદ કરીને ફી ની રકમ ફ્રી શીપ કાર્ડ યોજના અંતર્ગત સ્કોલરશીપ તરીકે આપવાની રહેશે.

(૨) ફ્રી શીપ કાર્ડ યોજનાના અમલીકરણ શરૂ થયા બાદથી જે કોલેજોએ/શૈક્ષણિક સંસ્થાઓએ શરતચૂકથી કે અન્ય કારણોસર અથવા જાણકારીના અભાવે ફરજિયાતપણે સ્ટાઈપેન્ડની રકમ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના બેન્ક ખાતામાં જમા કરાવેલ હોય તેવા કિસ્સાઓમાં, જો સ્ટાઈપેન્ડની રકમ સ્કોલરશીપની રકમ કરતાં ઓછી હોય તો, સ્ટાઈપેન્ડની રકમ બાદ કરીને બાકી રહેતી ફી ની રકમ ફ્રી શીપ કાર્ડ યોજના અંતર્ગત સ્કોલરશીપ તરીકે વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને ચુકવવાની રહેશે.

(૩) ફ્રી શીપ કાર્ડ યોજના અંગેના અગાઉના ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

**૨.** આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર માન.મંત્રીશ્રી (આ.વિ)ની તા.૨૧/૦૫/ ૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.આર.ડોડીયા)
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી (આદિજાતિ વિકાસ), બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગરને જાણ, જરૂરી કાર્યવાહી તેમજ બહોળી પ્રસિદ્ધિ કરવા અને અનુષાંગિક તમામ જરૂરી કાર્યવાહી અર્થે.
- કમિશ્નરશ્રી,ઉચ્ચ શિક્ષણ,ગુજરાત રાજ્ય,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- રજીસ્ટારશ્રી,સર્વે યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય(કમિશ્નર ઉ.શિ.કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે શાખા અધિકારીશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.



Scanned by CamScanner